# કાર્યનોંધ

## પ્રકાશન સમિતિની શૈક્ષણિક વર્ષ - ૨૦૧૭-૧૮ની બીજી બેઠક

---

તા. ૧૧-૦૮-૨૦૧૭નાં રોજ માન.કુલપતિશ્રીનાં કાર્યાલયમાં અને તેમની અધ્યક્ષતામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ની પ્રકાશન સમિતિની બીજી બેઠકનું આયોજન થયું. ગત બેઠકમાં કરેલ ભલામણો અનુસાર કરવામાં આવેલ કામગીરીને બહાલી/મંજૂરી આપવામાં આવી. આ ઉપરાંત, નવી કરવાની થતી કામગીરીની નીચેની વિગતે સમિતિએ ભલામણો કરેલ છે.

(૧.) તા.૧૫-૦૭-૨૦૧૭નાં રોજ કરવામાં આવેલ ક્રમ નં. ૧ થી ૭ અનુસાર તમામ ભલામણો અનુસાર સંશોધન-પ્રકાશન વિભાગે જરૂરી તમામ કાર્યવાહી કરેલ છે, જેની પ્રકાશન સમિતિએ નોંધ લીધી અને કરેલ કામગીરીને બહાલી આપી તેમજ આવશ્યક મંજૂરી પણ આપેલ છે.

(૨.) Error Analysis (Dr. Dipesh Katira) ગ્રંથની સમીક્ષા કરાવતાં બંને સમીક્ષકોએ કેટલીક શરતોને આધીન પ્રકાશનની ભલામણ કરેલ છે. પ્રકાશન સમિતિ બંને સમીક્ષકોનાં રિપોર્ટોને આધારે યુનિવર્સિટી નિયમાનુસાર ગ્રંથ પ્રકાશનની મંજૂરીની ભલામણ કરે છે. Publication Agreement તથા સમીક્ષકોની શરતો સહિત પ્રકાશન મંજૂરીનો પત્ર પાઠવીને, Publication Agreement કરીને પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

(૩.) યુનિવર્સિટી સંલગ્ન બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય ડો. અમૃતલાલ ભોગાયતાજીનો મહાશોધનિબંધ પુસ્તક સ્વરૂપે પ્રકાશન હેતુ આવેલ હતો. નિયમાનુસાર જે તે યુનિવર્સિટી ભવનનાં અધ્યક્ષ તરફથી જરૂરી એન.ઓ.સી. પત્ર મેળવેલ હતો જે પ્રકાશન સમિતિ સમક્ષ રજૂ કરતાં સમિતિએ હાલમાં યુનિવર્સિટી પ્રકાશન બજેટને ધ્યાને લઈ આગામી બેઠકમાં/સમયમાં આ ગ્રંથની સમીક્ષા હેતુ સમીક્ષકોનાં નામ સૂચવવા ભલામણ કરેલ છે. હાલમાં, અગાઉથી સમીક્ષા થઈ આવેલ ગ્રંથો પ્રકાશનમાં હોઈ પ્રકાશન બજેટને ધ્યાને લઈ અગ્રિમ પ્રકાશનમાં આ ગ્રંથને લેવા ભલામણ કરવામાં આવેલ છે.

(૪) સૌરાષ્ટ્રસ્ય રસધારા ગ્રંથની સમીક્ષા હેતુ બે સમીક્ષકો પાસે ગત વર્ષે તા.૨૩-૧૧-૨૦૧૬નાં રોજ મોકલતાં એક સમીક્ષકે સમીક્ષા પત્ર મોકલી આપેલ હતો. બીજા સમીક્ષકે વારંવાર સ્મૃતિપત્ર પાઠવવા/ ફોન કરવા છતાં સમીક્ષાપત્ર આજ દિન સુધી મોકલી આપેલ નથી. આ વિગતે સમિતિએ બીજા સમીક્ષકને અંતિમ સ્મૃતિપત્ર (દિન-૧૦માં સમીક્ષાપત્ર પાઠવવાની શરતે) પાઠવવા ભલામણ કરેલ છે અને જો સમીક્ષકશ્રી દિન-૧૦માં પત્ર ન પાઠવે તો ત્રીજા સમીક્ષક પ્રિ. ડો. નરેન્દ્રકુમાર એલ. પંડયાને સમીક્ષા હેતુ ગ્રંથ મોકલવા સર્વાનુમતે ભલામણ કરેલ છે.

(૫.) યુનિવર્સિટીમાં આધુનિક વિષયો ભણાવતાં અધ્યાપકોની અરજીને માન્ય રાખી પ્રથમ વર્ષમાં પરિવર્તિત થયેલ Syllabus માત્રને ગ્રંથ સ્વરૂપમાં Compile કરીને યોગ્ય સમીક્ષા કરાવ્યેથી પ્રકાશિત કરવાની સમિતિએ ભલામણ કરેલ છે.

(૬.) નવ રચિત Diploma in Music અભ્યાસક્રમ અને જરૂરી પાઠ્યક્રમ પૂર્ણરૂપે પુસ્તક સ્વરૂપમાં મળ્યેથી પ્રકાશિત કરવાની ડો. દિપેશ કતિરાજીની દરખાસ્તને સમિતિએ માન્ય રાખી પ્રકાશનની ભલામણ/માન્યતા આપેલ છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(૭.) યુનિવર્સિટી ડાયરી- કેલેન્ડર-પ્લાનર-૨૦૧૮ પ્રકાશન હેતુ કરવાની થતી તમામ પૂર્વ કામગીરીને મંજૂર કરી પ્રકાશન હેતુ અગ્રિમ કાર્યવાહી કરવાની સંશોધન અધિકારીશ્રીને મંજૂરી આપવાની સમિતિએ ભલામણ કરેલ છે.

(૮.) આ વર્ષની પ્રકાશન સમિતિની સમયાવધિ તા.૧૩-૦૯-૨૦૧૭નાં રોજ પૂર્ણ થવાની હોવાથી આ બાબતની જાણ યુનિવર્સિટી પ્રશાસનને કરીને નવા વર્ષની સમિતિ રચિત કરવાની સમિતિએ ભલામણ કરેલ છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ. કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી